Extra No. 106

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette
## EXTRAORDINARY
## [PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII ] MONDAY, APRIL 13, 2026 / CHAITRA 23, 1948

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART -I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**હુકમ**

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૪૯/૨૦૨૬-આણંદ જીલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારની પેટા ચુંટણી-તા.૨૩/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર હોઈ આ આણંદ જિલ્લામાં વિધાનસભાની પેટા ચૂંટણી દરમ્યાન રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનીક કે ખાનગી જગ્યાઓમાં પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર ધ્વારા જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા તેના ઉપયોગ માટે નિયંત્રણ હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ના ૨૨ માની કલમ-૩૩(૧)(થ) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (થ) થી. મને મળેલ સત્તાની રૂઈએ આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારમાં આ હુકમની તા.૩૦/૦૩/૨૦૨૬ થી તા.૧૩/૦૪/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનીક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર વગાડવા માટે નીચેના મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

(૧) કોઈપણ વ્યકિત જાહેર કે ખાનગી જગ્યાઓમાં રાક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડસ્પીકર વગાડી શકશે નહીં. તેમજ જાહેર સભાઓમાં સ્થિત અને ચાલુ વાહનો પરના લાઉડ સ્પીકરોનો ઉપયોગ કરી શકાશે નહીં.

(૨) લાઉડસ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી પરવાનગી મળ્યેથી લાઉડસ્પીકર ફક્ત સવારના ૬.૦૦ કલાકથી રાત્રીના ૧૦.૦૦ કલાક સુધી જ જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન ન થાય એવી રીતે વગાડવાનું રહેશે.

(૩) લાઉડસ્પીકર વગાડવાની પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણીક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલ હોય તો સદરહું કચેરીઓ, સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તે રીતે તદ્દન ધીમા અવાજથી વગાડવાની રહેશે.

ઉપરોકત હુકમની ભંગ અગર ઉલ્લંધન કરનાર સખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ (બી) (૩) મુજબ તથા ચૂંટણી અંગેના આચાર સંહિતાની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારને લાગુ પડે છે.

આજ તા.૨૭/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો કરવામાં આવ્યા.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---

**જાહેરનામુ**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા - ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ બહાર પાડેલ**

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૫૧/૨૦૨૬- રાષ્ટ્રીય પરીક્ષા બોર્ડ, નવી દિલ્હી ધ્વારા Joint Entrance JEE (Main)-2026 ની પરીક્ષા આગામી તા.૦૨/૦૪/૨૦૨૬ થી તા.૦૮/૦૪/૨૦૨૬ દરમ્યાન યોજાનાર છે. જે અન્વયે અત્રેના જીલ્લામાં આણંદ મર્કન્ટાઈલ કોલેજ ઓફ સાયન્સ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર ટેકનોલોજી, નવા બસ સ્ટેન્ડ પાસે, ભાલેજ રોડ, આણંદ તથા દર્શ ઈન્ફોટેક, ૩૦૭થી ૩૧૪, ત્રીજો માળ, સીગ્મા કોમ્પલેક્ષ, સરદાર પટેલ સ્ટેચ્યુ પાસે, ડી-માર્ટ ની ઉપર, વલ્લભ વિદ્યાનગર, તા.જી.આણંદ ખાતેના પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાનું સુચારુ અને નિષ્પક્ષ સંચાલન થાય તેમજ પરીક્ષા દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ડાયરેકટર જનરલશ્રી, રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી, નવી દિલ્હીના તા.૨૭/૦૩/૨૦૨૬ ના પત્ર F.No.:J/001/DM/JEE (M) 2026/NTA થી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સુચના થઈ આવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની તા.૦૨/૦૪/૨૦૨૬ થી તા.૦૮/૦૪/૨૦૨૬ દરમ્યાન સવારના ૦૮:૦૦ થી સાંજના ૧૯:૦૦ કલાક દરમ્યાન ઉપર મુજબના પરીક્ષા કેન્દ્રએ નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**પ્રતિબંધ :-**

(૧) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યક્તિ સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત તથા સંબંધિત પરીક્ષા કેન્દ્ર જે શાળામાં આવેલ હોય તે શાળાના સંચાલક મંડળના સભ્યશ્રીઓ કે હોદેદારોને પરીક્ષા કેન્દ્રમાં કે કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાના દિવસે અને સમય દરમ્યાન પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવું છું.

(૨) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરથી ૩૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ ઝેરોક્ષ મશીન, સાયબર કાફે, ફોટોકોપી સેન્ટર પરીક્ષાના દિવસો દરમ્યાન સવારના ૦૮:૦૦ થી સાંજના ૧૯:૦૦ કલાક દરમ્યાન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૩) પરીક્ષાના કેન્દ્રમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈ પણ કર્મચારી (સરકારી પ્રતિનિધિ સિવાય) તેઓનો મોબાઈલ ફોન કે ઈલેકટ્રોનિક માધ્યમથી સંદેશા વ્યવહાર કે રેકોર્ડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણો પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

(૫) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં જાહેરમાં લાઉડસ્પીકર કે મ્યુઝિક બેન્ડ કે ડી.જે. મ્યુઝિક સીસ્ટમ વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ.

**અપવાદ :-**

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્ર નજીક પર મુકેલા સલામતી કર્મચારીઓ તથા પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમ આણંદ જિલ્લામાં Joint Entrance JEE (Main)-2026 માટે નક્કી કરવામાં આવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામા ભંગ બદલ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા. ૩૦ /૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---

## જાહેરનામુ

**ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા - ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ બહાર પાડેલ**

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૫૨/૨૦૨૬ - રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા મુખ્યમંત્રી જ્ઞાન સાધના (CGMS)-૨૦૨૬ની પરીક્ષા તા.૦૪/૦૪/૨૦૨૬ ના રોજ આણંદ જિલ્લામાં સામે યાદી મુજબના પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે. પરીક્ષા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ પરીક્ષા કેન્દ્રની નજીકના ઝેરોક્ષ સેન્ટરો અને લાઉડ સ્પિકર પરીક્ષા દરમિયાન બંધ રહે વિદ્યાર્થી પરીક્ષા શાંતિથી આપી શકે તે માટે તથા પરીક્ષા સેન્ટરના ૨૦૦ મીટર ત્રિજયાના એરીયામાં બિનઅધિકૃત વ્યકિતનો પ્રવેશ નિષેધ રહે તેમજ શાળાના ઝેરોક્ષ સેન્ટર અને લાઉડ સ્પીકર બંધ રાખવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, આણંદનાઓએ તેમના તા.૩૦/૦૩/૨૦૨૬ ના પત્ર જા.ન./CGMS/પરીક્ષા/૨૦૨૬/૬૮૫૭ થી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા માટે દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા - ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ થી મને મળેલ સત્તાની રૂઈએ તા.૦૪/૦૪/૨૦૨૬ ના રોજ નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**પ્રતિબંધ :-**

(૧) આ સાથેની અનુસુચિ મુજબના પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત તથા સંબંધિત પરીક્ષા કેન્દ્ર જે શાળામાં આવેલ હોય તે શાળાના સંચાલક મંડળના સભ્યશ્રીઓ કે હોદેદારોને પરીક્ષા કેન્દ્રમાં કે કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાના દિવસે અને સમય દરમ્યાન પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવું છું.

(૨) આ સાથેની અનુસુચિ મુજબના પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ ઝેરોક્ષ મશીનો પરીક્ષાના દિવસો દરમ્યાન સવારના ૦૮:૦૦ થી સાંજના ૧૯:૦૦ કલાક દરમ્યાન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૩) પરીક્ષાના કેન્દ્રોમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈ પણ કર્મચારી (સરકારી પ્રતિનિધિ સિવાય) તેઓનો મોબાઈલ ફોન કે ઈલેક્ટ્રોનિક માધ્યમથી સંદેશા વ્યવહાર કે રેકોર્ડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણો પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યક્તિ સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહીં.

(૫) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં જાહેરમાં લાઉડસ્પીકર કે મ્યુઝિક બેન્ડ કે ડી.જે. મ્યુઝિક સીસ્ટમ વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ.

**અપવાદ :-**

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્ર નજીક પર મુકેલા સલામતી કર્મચારીઓ તથા પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમ આ સાથે સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રોના વિસ્તારોને લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામા ભંગ બદલ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૩૦/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---

**જાહેરનામુ**

**ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) અન્વયેનો હુકમ.**

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૫૩/૨૦૨૬ - આગામી આગામી દિવસોમાં ૧૧૧ ઉમેરઠ વિધાનસભા પેટા ચુંટણી-૨૦૨૬ યોજાનાર હોય તેમજ તા.૧૪/૦૪/૨૦૨૬ ના રોજ ડો.બાબાસાહેબ આંબેડકરના જન્મ દિવસ ઉજવણી કરવામાં આવનાર હોય, તથા પરશુરામ જયંતિનો તહેવાર ઉજવવામાં આવનાર હોય, તેમજ અત્રેના જિલ્લાની હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧),૩૭(૩) અન્વયે તા.૦૪/૦૪/૨૦૨૬ થી તા.૧૮/૦૪/૨૦૨૬ સુધી (બંન્ને દિવસે સુધ્ધાંત)નું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના તા.૩૧/૦૩/૨૦૨૬ના પત્ર ક્રમાંક:એલઆઈબી/કા.વ્ય /જાહેરનામુ/૮૨૭/૨૦૨૬ થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર આણંદ જીલ્લામાં તા.૦૪/૦૪/૨૦૨૬ થી તા. ૧૮/૦૪/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય/ બિન અધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવુ નહીં, ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તથા સરઘસ કાઢવું નહી.

**વિસ્તાર:** સમગ્ર આણંદ જીલ્લો.

**ખુલાસો:** આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા ગલીઓને તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

**અપવાદ:** આ હુકમનો ખંડ-૧ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તથા અશક્ત લોકોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આથી હું આદેશ આપુ છું કે, આ જાહેરનામાની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ ચોંટાડીને તથા સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં જાહેર કરીને પ્રસિદ્ધ કરવી.

મે આજરોજ તા. ૦.૨ /૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---

**હુકમ**

**ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૧૪૨ તથા લોકપ્રતિનિધિત્વ ધારાની કલમ-૧૩૫ (સી) હેઠળ હુકમ**

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./ ૫૪ /૨૦૨૬ - ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારની પેટા ચુંટણી-૨૦૨૬ આગામી તા.૨૩/૦૪/૨૦૨૬ ના રોજ યોજાનાર છે. તેની મતગણતરી તા.૦૪/૦૫/૨૦૨૬ ના રોજ યોજાનાર છે. ઉકત પેટા ચૂંટણી દરમ્યાન મતદારો નિર્ભયપણે મતદાન કરી શકે તે માટે દારૂ અને :: નશાકારક ચીજોના વેચાણ ઉપર પ્રતિબંધ મુકવાના હેતુ માટે ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૧૪૨ તથા લોકપ્રતિનિધિત્વ ધારાની કલમ-૧૩૫ (સી) માં જોગવાઈ કરેલ છે. ભારતીય નિર્વાચન આયોગ, નવી દિલ્હીના પત્ર નં. 437 / 6 / 2007 /(INST) / PLN / III, તા. ૧૨/૧૧/૨૦૦૭ થી મતદાન પૂર્ણ થયાના ૪૮ કલાક પહેલાંથી શરૂ કરી મતદાન પુર્ણ થતા સુધી તથા મતગણતરીના દિવસ માટે દારૂના વેચાણ ઉપર પ્રતિબંધ મુકવા જણાવેલ છે. સબબ, મતદારો નિર્ભયપણે મતદાન કરી શકે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ, જાહેર વ્યવસ્થા અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે દારૂ અને નશાયુક્ત પદાર્થોનું વેચાણ કરવાની કે પીરસવાની મનાઈ ફરમાવવા ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ની કલમ-૧૪૨ તથા લોકપ્રતિનિધિત્વ ધારાની - કલમ-૧૩૫ (સી) હેઠળ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ-૧૪૨ તથા લોકપ્રતિનિધિત્વ ધારાની કલમ ૧૩૫ (સી)થી મને મળેલ સત્તાની રૂઈએ, આણંદ જિલ્લાની ઉપરોકત ચૂંટણી હેઠળના જિલ્લા પંચાયત / તાલુકા પંચાયત તથા મહાનગરપાલિકા, નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ દારૂ અને નશાયુકત પદાર્થોના વેચાણ માટેના પરવાના ધરાવનારાઓએ નીચે જણાવેલ સમય ગાળા માટે દારૂ અને નશાયુકત પદાર્થોનું વેચાણ થતુ હોય તેવા સ્થળો બંધ રાખવા તથા કોઈપણ હોટલ, ખાણીપીણીની જગ્યાઓ, દારૂના પીઠા, દુકાનો કે કોઈપણ જાહેર કે ખાનગી સ્થળોએ દારૂના વેચાણ, આપ-લે, વિતરણ કે પીરસવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**સમયગાળો :-** (૧) તા. ૨૧/૦૪/૨૦૨૬ ના રોજ સાંજના ૧૮.૦૦ કલાકથી તા.૨૩/૦૪/૨૦૨૬ (મતદાન) ના રોજ સાંજના ૧૮.૦૦ કલાક સુધી

(૨) તા.૦૪/૦૫/૨૦૨૬ ના રોજ સવારના સુર્યોદય થી તા.૦૫/૦૫/૨૦૨૬ ના રોજ સવારના સુર્યોદય સુધી

**શિક્ષા :** આ હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ ની કલમ-૨૨૩, ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ-૬૮ તથા કલમ-૯૦ની જોગવાઈઓ તેમજ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (સી) (૨) મુજબ કેદ અથવા દંડ અથવા બંન્ને શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની બહોળી પ્રસિધ્ધિ વર્તમાનપત્રો ધ્વારા, જાહેર સ્થળોએ સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, તેમજ જિલ્લાના સ્થાનિક વર્તમાન પત્રો ધ્વારા કરવાની રહેશે. અને સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવી.

આજ તા.: ૦૧/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.,

**ઋતુરાજ દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---

**હુકમ**

**ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-કલમ-૩૩(૧)(ડીએ)(ડીબી) મુજબ હુકમ**

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૫૫/૨૦૨૬- આગામી તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજાનાર મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ તથા જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોની સામાન્ય ચુંટણી/પેટા ચુંટણી સંદર્ભે ચુંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો/ઉમેદવારો વિશાળ કટ આઉટ, જાહેરાત, આઈટમો, બેનર્સ વિગેરે ધ્વારા પૈસાની તાકાતનો આડંબર યુક્ત પ્રદર્શન ન કરે તે હેતુથી રાજય ચૂંટણી પંચે નકકી કરેલ આચાર સંહિતા મુજબ નિયમન કરવું જરૂરી હોય,

હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ.૩૩(૧) (ડીએ) (ડીબી)થી મને મળેલ સત્તાની રૂઈએ આણંદ જિલ્લામાં યોજાનાર આગામી સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણીના સંદર્ભે, ચૂંટણી સમાવિષ્ટ વિસ્તારોમાં તા.૦૧/૦૪/૨૦૨૬ થી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી ચુંટણી લક્ષી જાહેરાત, પાટીયા, બેનર્સ, કટ આઉટ મુકવા માટે નીચે મુજબના નિયમોની અમલવારી કરવા હુકમ કરૂ છું.

(૧) કોઈપણ રાજકીય પક્ષ / ઉમેદવાર / સંસ્થા અથવા વ્યકિત ધ્વારા કટ આઉટ, હોર્ડીંગ્સ, બેનર્સ, તોરણો, ધ્વજ, પતાકા વિગેરે કોઈ પણ જાહેર જગ્યાએ તેમજ જાહેર રસ્તા ઉપર મુકી શકાશે નહી. એટલે કે સરકાર, નગરપાલિકા કે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ વિગેરે હસ્તકની જાહેર જગ્યાએ (આવી જગ્યા કે મિલ્કત ભાડે આપી હશે તો પણ) મુકી શકાશે નહી.

(૨) જો કટ આઉટ, હોર્ડીંગ્સ વિગેરે ખાનગી મિલ્કતની જગ્યાએ મુકવામાં આવે તો નીચે દર્શાવેલ શરતોનું પાલન થવું જોઈશે અને તો જ ખાનગી માલિકીની જગ્યાએ આવા કટ આઉટ / જાહેરાત / પાટીયા ! બેનર્સ મુકી શકાશે.

(૧) હોર્ડીંગ્સની સાઈઝ ૧૫ ફુટ x ૮ ફુટ વધારે હોવી જોઈએ નહી.

(૨) કટ આઉટની ઉચાઈ ૮ ફુટથી વધારે હોવી જોઈએ નહીં.

(૩) કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વિગેરે કોઈ સ્થળે મુકતા પહેલા તે અંગેની જાણ જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરશ્રીને તેમજ પોલીસ અધિક્ષકશ્રીને કરવાની રહેશે.

(૩) કોઈપણ રાજકીય પક્ષ અથવા કોઈ અન્ય એસોસીએશન સંસ્થા કે વ્યકિતએ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૭૧ અન્વયે વૈદ્યાનિક અથવા આદેશાત્મક રીતે ફરમાવેલ હોય તે પ્રમાણે જે ઉમેદવારીની ચુંટણી સદરહું કટઆઉટ હોર્ડીંગ્સ વગેરેથી પ્રોત્સાહીત અથવા ઉપલબ્ધ બનાવવા ધાર્યું હોય તે ઉમેદવારના સામાન્ય અથવા ખાસ અધિકારપત્ર વિના કોઈ કટઆઉટ, હોર્ડીંગ્સ, ભીંતચિત્ર, ધ્વજ, બેનર્સ, વર્તમાન

પત્રિય જાહેરાત વગેરે પ્રસ્થાપિત કરવા નહી. સુચિત જગ્યા પર આવા કટઆઉટ, હોર્ડીંગ્સ વગેરે પ્રસ્થાપિત કરવાથી આમ જનતાની સુરક્ષા અને સલામતી તેમજ ટ્રાફીક વગેરેને અડચણરૂપ, બીજા જોખમ ઉભા થતા નથી તેની સમક્ષ સત્તાધિકારીની પરવાનગી મેળવવાની રહેશે.

(૪) કોઈપણ રાજકીય પક્ષ/ ઉમેદવાર અથવા કોઈ વ્યક્તિએ કોઈપણ ખાનગી સ્થળે મુકેલ કટ આઉટ, જાહેરાત, પાટીયા, બેનર્સ વિગેરેના મુકતા પૂર્વે જે તે જગ્યાના માલિકની લેખિત મંજુરી મેળવવાની રહેશે. તે અંગેની જાણ ચૂંટણી અધિકારીશ્રી / મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને તે લગાવ્યાના ત્રણ દિવસની અંદર કરવાની રહેશે.

(૫) કોઈપણ રાજકીય પૈક્ષ / ઉમેદવાર અથવા કોઈ, વ્યક્તિએ ખાનગી જગ્યામાં મૂકેલ કટ આઉટ, જાહેર પાટીયા, બેનર્સ વિગરેના સંદર્ભે જે તે જગ્યાના માલિકની લેખિત મંજુરી જિલ્લા ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી, પોલીસ અધિકારી અથવા આ અંગે અધિકૃત કરેલ હોઈ પણ અધિકારી જોવા માંગે ત્યારે તેઓ સમક્ષ રજુ કરવાની રહેશે.

(૬) આ અંગેનો ખર્ચ જે વિસ્તારમાં હોર્ડીંગ્સ કે કટ આઉટ વિગેરે મુકેલ હોય તે વિસ્તારના સંબંધકર્તા ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં દર્શાવવાનો રહેશે.

(૭) ખાનગી મિલ્કતોમાં હોર્ડીંગ્સ, કટ-આઉટ વિગેરે મુકવા માટે સ્થાનિક કાયદાનુસાર સંબંધિત સત્તાધિકારી પરવાનગીની જરૂર હોય તેવા પ્રસંગે આવી પરવાનગી લીધેલી હોવી જોઈએ તથા આવા કટ આઉટ, જાહેરાત, પાટીયા, બેનર્સ વિગેરે જે કોઈ સ્થળે મુકવામાં આવે તે વિસ્તારમાં અમલમાં હોય તેવા સ્થાનિક નિયમો અથવા પેટા નિયમોનું પાલન કરવાનું રહેશે.

આ જાહેરનામાનો અમલ તા.૦૧/૦૪/૨૦૨૬ થી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

કોઈ રાજકીય પક્ષ/ઉમેદવાર તથા કોઈ વ્યકિત ધ્વારા ઉકત નિયમોનો ભંગ કરી ચૂંટણી લક્ષી કટ-આઉટ જાહેરાત પાટીયા અથવા બેનર્સ પ્રદર્શિત કરવામાં આવશે તો તે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ રોજ તા. ૦૧/૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હુકમ ઈસ્યુકરવામાં આવ્યો.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---

**હુકમ**

**ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના ૨૨ માની કલમ-૩૩(૧)(થ) અન્વયેનો હુકમ**

નં.પીઓએલ-૨જાહેરનામા/એસ.આર./૫૬ /૨૬ - માન સજય ચુંટણી આયોગ ધ્વારા રાજયમાં મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ તથા જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોની સામાન્ય પેટા ચૂંટણીઓ તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજવાનું નિયત કરેલ છે. જે અન્વયે આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગર પાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર)ની સામાન્ય ચુંટણી તા. ૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજાનાર છે. આ ચુંટણીની મત ગણતરી તા. ૨૮/૦૪/૨૦૨૬ ના રોજ યોજાશે તથા ત્યારબાદ ચુંટણી પ્રક્રિયા તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ પુર્ણ થશે. આણંદ જિલ્લામાં આ ચુંટણીના સરળ અને સફળ સંચાલન માટે તેમજ ચુંટણીના કાર્યક્રમ દરમ્યાન જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે આગોતરો પગલા ભરી, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના ૨૨ માની કલમ-૩૩(૧)(થ) મુજબનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (થ) થી મને મળેલ સત્તાની રૂઈએ આણંદ જિલ્લામાં યોજાનાર સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં સમાવિષ્ટ વિસ્તારમાં તા.૦૧/૦૪/૨૦૨૬ થી તા. ૧૫/૦૪/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનીક કે ખાનગી જગ્યા કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર વગાડવા માટે નીચેના મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

**નિયમો :-**

(૧) કોઈપણ વ્યકિત જાહેર કે ખાનગી જગ્યાઓમાં સક્ષમ અધિકારીશ્રીની પુર્વ પરવાનગી સિવાય જાહેરમાં લાઉડસ્પીકર વગાડી શકશે નહીં. તેમજ જાહેર સભાઓમાં સ્થિત અને ચાલુ વાહનો પરના લાઉડ સ્પીકરોનો ઉપયોગ કરી શકાશે નહી.

(૨) લાઉડસ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી પરવાનગી મળ્યેથી લાઉડસ્પીકર ફક્ત સવારના ૮.૦૦ કલાકથી રાત્રીના ૧૦.૦૦ કલાક સુધી જ જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન ન થાય એવી રીતે વગાડવાનું રહેશે અને પરવાનગીની અન્ય શરતોનું પણ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) સદરહું ચુંટણીઓમાં હેતુસર લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી જિલ્લામાં સંબંધિત તાલુકામાં મામલતદારશ્રી આપી શકશે. આવી પરવાનગી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ, ૨૦૦૦ના નિયમ-૩ને અનુરૂપ આપવાની રહેશે.

(૪) લાઉડસ્પીકર વગાડવાની પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણીક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલ હોય તો, સદરહું કચેરીઓ, સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તે રીતે તદ્દન ધીમા અવાજથી વગાડવાના રહેશે.

(૫) યોગ્ય સત્તાધિકારીશ્રીની મંજુરીથી કાઢવામાં આવેલ સરઘસ કે મંડળીના સભ્યોએ જાહેર શાંતિ જોખમાય તેવું કોઈ વર્તન કરવું નહી, તેમજ કોઈ ધર્મ, જાતિ, સંગઠન પ્રત્યે ઘૃણા ફેલાય તેવા સુત્રો પોકારવા નહી કે ભાષણો આપવા નહી તેમજ યાતાયાત વ્યવસ્થાને કે જાહેર વ્યવસ્થાને અડચણરૂપ થાય તેવું કૃત્ય કરવું નહી.

**શિક્ષા**

ઉપરોકત હુકમની ભંગ અગર ઉલ્લંઘન કરનાર સખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ (બી) (૩) મુજબ તથા ચૂંટણી અંગેના આચાર સંહિતાની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**વિસ્તાર**

આ હુકમ આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર) ની સામાન્ય ચુંટણી સમાવિષ્ટ વિસ્તારને લાગુ પડે છે.

**અપવાદ: આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.**

૧. ફરજ પરના ચુંટણી અધિકારી, મદદનીશ ચુંટણી અધિકારી, નોડલ અધિકારી, પોલીસ અધિકારી, ચુંટણી પંચે અધિકૃત કરેલ અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ

૨. સરકારી ફરજના ભાગરૂપે કાર્યવાહી કરતાં અધિકારીઓ અથવા તેઓને મદદ કરતી અધિકૃત એજન્સી

આ હુકમની જાહેરાત વર્તમાનપત્રો/ગુજરાત સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તા. ૦૧/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો કરવામાં આવ્યા.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---

**જાહેરનામું**

**લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૭-ક અન્વયે**

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૫૭ /૨૦૨૬ માન. રાજ્ય ચુંટણી આયોગ ધ્વારા રાજયમાં નગર પાલિકાઓ તથા જિલ્લા પંચાયત/ તાલુકા પંચાયોની સામાન્ય પેટા ચૂંટણાઓ તા. ૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજવાનું નિયત કરેલ છે. જે અન્વયે આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર)ની સામાન્ય ચુંટણી તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજાનાર હોઈ, ચૂંટણીને લગતાં ચોપાનીયા, ભીતપત્રો વગેરેના મુદ્રણ અને પ્રકાશન માટે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૭-ક ની જોગવાઈઓ મુજબ નિયંત્રણો અમલમાં મુકવાનું જરૂરી જણાતું હોઈ, હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ નીચેની વિગતે પ્રતિબંધ મુકવા હુકમ કરું છું.

(૧) કોઈપણ વ્યકિત, જેના પર તેના મુદ્રક અને પ્રકાશનના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીતપત્રો છાપી કે પ્રસિધ્ધી કરી શકાશે નહી અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકાશે નહી.

(૨) કોઈપણ વ્યકિત ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શકશે નહી કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહિ, સિવાય કે,

(ક) તેના સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતા હોય એવા બે વ્યકિતઓએ શાખ કરેલ, પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય અને

(ખ) લખાણ છપાયા પછી મુદ્રકે યોગ્ય સમયની અંદર લખાણની એક નકલ સાથે એકરાર પત્રની એક નકલ નીચેના મોકલી હોય,

(૧) ગુજરાત રાજયના પાટનગરમાં છપાવવામાં આવ્યુ હોય ત્યારે મુખ્ય ચૂંટણી અધિકારીને અને અધિકારીને અને

(૨) બીજે પ્રસંગે, તે જે જિલ્લામાં છપાવવામાં આવ્યુ હોય તે જિલ્લાના જિલ્લા મેજીસ્ટ્રેટને.

**(૩) આ કલમ પુરતુ,**

(ક) હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઈપણ પ્રકિયા મુદ્રણ ગણાશે અને "મુદ્રક" એ શબ્દનો તે પ્રમાણે અર્થ થશે અને

(ખ) 'ચુંટણીને લગતુ ચોપાનીયુ અથવા ભીતપત્ર" એટલે ઉમેદવાર કે ઉમેદવારના જુથના ચુંટણીની તકો વધારવા કે અસર પહોંચાડવા માટે વહેંચવામાં આવેલ હોઈ છાપેલુ ચોપાનીયુ, હેન્ડબિલ, સુત્ર પાટિયુ અથવા ચૂંટણીને લગતુ ભીતપત્ર એવો અર્થ થાય છે. પરંતુ, માત્ર ચુંટણી સભાના તારીખ, સમય, સ્થળ અને બીજી વિગતો આપતા અથવા ચુંટણી એજન્ટ કે કાર્યકારોને કામકાજ અંગેની સુચનાઓ આપતા હેન્ડબીલ, સુત્ર પાટીયા અથવા ભીંતપત્રોનો તેમાં સમાવેશ થતો નથી.

**(૪)** પેટા કલમ-(૧) અથવા પેટા કલમ-(૨) ની કોઈપણ જોગવાઈનો ભંગ કરનાર વ્યકિત છ માસ સુધીની કેદ અથવા બે હજાર રૂપિયા સુધીના દંડની અથવા બંને શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૦૧/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---

**હુકમ**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો હુકમ**

નં. પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./ ૫૮ /૨૦૨૬ - માન. રાજ્ય ચુંટણી આયોગ દ્વારા રાજ્યમાં તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયત, મહાનગરપાલિકાઓ અને નગરપાલીકાઓની સામાન્ય તથા પેટા ચૂંટણીઓ તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજવાનું નિયત કરેલ છે. જે અન્વયે આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર) ની સામાન્ય ચુંટણી આગામી તા. ૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજાનાર છે. મતદાનના દિવસે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તથા મતદાન મથકોની આજુબાજુમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને તેના કોઈ પ્રત્યાઘાત ન પડે તેમજ મતદાન શાંતિ રીતે પુર્ણ થાય તે માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ઋતુરાજ દેસાઈ(GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ મતદાનના દિવસે રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા માન્ય થયેલ મતદાન મથકોના સંદર્ભે નીચે મુજબ હુકમ ફરમાવું છું.

(એ) મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૧) મત માટે પ્રચાર કરવો.

(૨) મતદારોને ધાકધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા.

(૩) કોઈ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી.

(૪) અમુક ઉમેદવારને મત ન આપવા માટે કોઈ મતદારને સમજાવવા.

(૫) કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા.

(૬) ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાની પ્રદર્શિત કરવી.

(૭) સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને સંદેશાવ્યવહાર કે રેકોર્ડીંગ થઈ શકે તેવા અન્ય કોઈપણ પ્રકારના ઈલેકટ્રોનિક ઉપકરણો લઈ જવા.

(૮) વાહનો સાથે આવવું.

**(બી)** જે તે મતદાન મથકમાં ફકત નીચેની વ્યકિતઓ જ પ્રવેશી શકશે.

- મતદાર
- મતદાન સાથે સંકળાયેલ સરકારી કર્મચારીઓ/અધિકારીશ્રીઓ
- ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યકિતઓ
- ઉમેદવાર, તેમના ચૂંટણી એજન્ટ અને દરેક ઉમેદવારનો એક મતદાર એજન્ટ
- સ્ત્રી મતદારે તેડેલું બાળક
- અંધ, અશક્ત ઉમેદવારનો સાથી
- આ સિવાયની અન્ય વ્યકિત કે જેને ચૂંટણી અધિકારીશ્રી અથવા પ્રિસાઈડીંગ ઓફિસરે નિયુકત કર્યા હોય તેવી વ્યકિત.

(સી) મતદાન મથકની ૨૦૦ મીટર દુર ઉમેદવાર દ્વારા ઉભા કરવામાં આવેલા બુથ ઉપરથી અથવા ઉમેદવાર તરફથી જે કાપલી મતદારને આપવામાં આવે તેમાં કોઈપણ ઉમેદવારનું નામ, પ્રતિક, સંજ્ઞા કે અન્ય કોઈ લખાણ હોવું જોઈએ નહી. કોઈપણ મતદાર કે વ્યકિત મતદાન મથકની ૨૦૦ મીટરની હદમાં આવી કોઈ કાપલી કે જેમાં ઉમેદવારનું નામ, પ્રતિક કે સંજ્ઞાનું લખાણ હોય તે લઈ પ્રવેશી શકશે નહી.

(ડી) મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજયામાં પ્રચાર અંગેનું કોઈપણ સાહિત્ય, બેનર, કટઆઉટ, પોસ્ટર રાખી શકશે નહી.

(ઈ) મતદાનના સમય દરમ્યાન મતદાન એજન્ટો મતદાર યાદીની નકલ મતદાન મથકની બહાર લઈને જઈ શકશે નહીં.

**વિસ્તાર :** ચૂંટણી હેઠળના જિલ્લા પંચાયત / તાલુકા પંચાયત તથા મહાનગરપાલિકા / નગરપાલિકા વિસ્તારના મુકરર થયેલ મતદાન મથકો.

**અપવાદ :** જે તે મતદાન મથકો ઉપર ચૂંટણી ફરજ બજાવવા માટે તેમજ ચૂંટણી સંચાલનની પ્રક્રિયા મોટેલ નીમાયેલ સરકારી કર્મચારી કે અધિકારીશ્રીને આ હુકમથી મુકવામાં આવેલ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આથી, હું આદેશ આપું છું કે આ જાહેરનામાની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ ચોટાડીને તથા સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવી.

આજ તા.૧/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---

**હુકમ**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો.**

નં.પીઓએલ/ચૂંટણી/એસ.આર./૫૯/૨૦૨૬ - માન.રાજ્ય ચૂંટણી આયોગ ધ્વારા રાજ્યમાં મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી / પેટા ચૂંટણીઓ તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજવાનું નિયત કરેલ છે. જે મુજબ આણંદ જીલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર) ની સામાન્ય ચુંટણી ચૂંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ નિયત કરવામાં આવેલ છે. તથા મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ હાથ ધરાનાર છે. આ ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા સંબંધે ભારતના બંધારણની જોગવાઈ હેઠળ શાંતિપૂર્ણ, મુક્ત અને ન્યાયી મતદાન તેમજ ચૂંટણી શાંતિપૂર્ણ, મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા નિવારક પગલાંના ભાગેરૂપે વિવિધ પગલાંઓ લેવા જરૂરી છે. ચૂંટણી દરમ્યાન હથિયારો

ધ્વારા બળ પ્રદર્શન તેમજ શસ્ત્રોની હેરાફેરી ઉપર મનાઈ ફરમાવવી જરૂરી હોઈ, જાહેર શાંતિ અને સલામતિની જાળવણી તેમજ ચૂંટણી નિષ્પક્ષ, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે જરૂરી

હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ,આથી સમગ્ર આણંદ જિલ્લાના વિસ્તારમાં રહેતા દરેક પ્રકારના હથિયારોના પરવાનેદારોને આદેશ કરૂ છું કે, તેઓએ તેમની પાસેના પરવાનાવાળા દરેક પ્રકારના હથિયાર કે હથિયારો આ જાહેરનામું બહાર પાડ્યાની તારીખથી દિન-૭માં જિલ્લાના સંબંધકર્તા પોલીસ સ્ટેશન ખાતે અનામત જમા કરાવી દેવા અને સંબંધકર્તા પોલીસ સ્ટેશનોએ તથા પોલીસ હેડકવાર્ટસએ સંબંધિત પોલીસ સ્ટેશનના વિસ્તારોમાં રહેતાં હથિયાર પરવાનો ધરાવતાં તમામ વ્યક્તિઓના હથિયાર કે હથિયારો જમા થઈ ગયાં અંગેની જાણ અત્રેની કચેરીને કરવી.

આ આદેશ આણંદ જિલ્લામાં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તથા સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીઓ તરફથી આપવામાં આવેલ હોય તેવા હથિયાર પરવાનેદારોએ તેમજ દેશના કોઈપણ રાજ્યના કોઈપણ હથિયાર લાયસન્સ આપનાર સત્તાધિકારી પાસેથી હથિયાર લાયસન્સ મેળવેલ હોય તેમને પણ લાગુ પડશે. તેમજ આ આદેશ સમગ્ર આણંદ જિલ્લામાં કોઈપણ વિસ્તારમાં રહેતા અથવા આણંદ જિલ્લાની મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકોને પણ લાગુ પડશે. હથિયાર ખરીદ વેચાણ કરતા પરવાનેદારો હથિયાર ખરીદ વેચાણ આ સમયગાળા દરમ્યાન કરશે તો પણ

હથિયાર સોંપણી આ જાહેરનામાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પર્ણ થતાં સુધી એટલે કે તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી પરવાનેધારકને કરી શકશે નહી. સંબંધિત પોલીસ સ્ટેશને પરવાનેદારને તેમનું હથિયાર તા.૦૧/૦૫/૨૦૨૬ પછી પરત કરવાનું રહેશે અને તેમના માટે કોઈ અલગ હુકમની જરૂરત રહેશે નહી.

જે હથિયાર પરવાનાઓની મુદત પૂર્ણ થયેલ હોય અને રીન્યુઅલ અર્થે અત્રેની કચેરીમાં કે સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની કચેરીમાં રજૂ કરેલ હોય તેવા હથિયાર પરવાના હેઠળના હથિયારો પરવાનાની ઝેરોક્ષ નકલ, રીન્યુ અરજી રજૂ કર્યાની સંબંધિત કચેરીની કોમ્પ્યુટરાઈઝડ પહોંચ કે જેમાં સહીની જરૂર રહેતી નથી તેવી પહોંચ તથા રીન્યુ ફી ભર્યા અંગેના ચલણની નકલની ખરાઈ કરી જમા લેવાના રહેશે અને તેવી જ રીતે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયે પરત સોંપવાના રહેશે.

ચૂંટણી પ્રક્રિયા શરૂ થયેલ હોઈ યોગ્ય સમયમાં નોટીસ બજાવી શકાય તેમ ન હોઈ અને સુનાવણી આપવાનું શક્ય ન હોઈ ઉપર પેરામાં જણાવેલ હુકમ હું ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ જાહેર કરૂ છું.

આ આદેશમાંથી નીચેના હથિયાર પરવાનેદારોને મુક્તિ આપવામાં આવે છે.

(અ) આણંદ જિલ્લામાં આવેલ સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેંક, કોર્પોરેશન સહિત), સ્થાનિક સ્વરાજયની સંસ્થાના નામે જે હથિયાર પરવાનો ધરાવતાં હોય તથા જે રાજ્ય કે રાષ્ટ્રીય લેવલની શૂટીંગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પર્સન તરીકે પરવાનો ધરાવે છે.

(બ) માન્યતા ધરાવતી સિક્યુરીટી એજન્સીઓના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત, સરકારી કે કોમર્શીયલ બેંકો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતાં હોય તેવા હથિયારધારી સિક્યુરીટી ગાર્ડ. આવા સિક્યુરીટી ગાર્ડએ તેઓ બેંકમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોવાનું સંબંધિત બેંક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે.

(ક) કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકારના અધિકારીઓ / કર્મચારીઓ કે જેઓને કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની મંજુરી આપેલ છે અથવા ચૂંટણીની ફરજ ઉપર છે.

(ડ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, આણંદએ ખાસ પરવાનગી આપેલ હોય.

હથિયાર પરવાનેદારોએ સંબંધિત પોલીસ સ્ટેશનમાં પરવાનાવાળા હથિયારો જમા કરાવવાના રહેશે. તેના કાર્ટીસ / દારૂગોળો જમા કરાવવાની જરૂર નથી.

આ આદેશનું પાલન નહી કરનાર શસ્ત્ર અધિનયમ-૧૯૫૯ ની કલમ-૨૫ હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્સટેબલ કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે આઈ.પી.સી. કલમ-૧૮૮ તથા મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ આદેશની પ્રસિધ્ધિ સમગ્ર આણંદ જિલ્લામાં વર્તમાનપત્રો તેમજ જાહેર નોટીસ બોર્ડ ઉપર ચોંટાડીને બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આ જાહેરનામું ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ ની કલમ- ૨૨૩ ની જોગવાઇ મુજબ તા.૦૧/૦૪/૨૦૨૬ થી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આજરોજ તા. ૦૧/૦૪/૨૦૨૬ ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---

## હુકમ

**ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા=૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનો હુકમ**

નં.પીઓએલ/ચૂંટણી/એસ.આર./ ૬૦ /૨૦૨૬ - માન્ય રાજય ચુંટણી આયોગ, ગાંધીનગર ધ્વારા મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓની તથા જિલ્લા પંચાયતો/ તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજવાનું નિયત કરેલ છે.જે અન્વયે જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર)ની સામાન્ય ચૂંટણી તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજાનાર છે. જેની મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ થનાર તથા ત્યારબાદ ચુંટણી પ્રક્રિયા તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ સંપન્ન થશે .આણંદ જિલ્લામાં આ ચૂંટણીના સરળ અને સફળ સંચાલન માટે તેમજ ચૂંટણીના કાર્યક્રમ દરમ્યાન જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે આગોતરા પગલાં ભરી, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ નીચે આવશ્યક કાર્યવાહી કરવી વર્તમાન સંજોગોમાં ઉચિત અને વાજબી જણાય છે . .

વાસ્તે હું, ઋતુરાજ દેસાઇ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ જિલ્લો, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આણંદ જિલ્લામાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સમાવિષ્ટ વિસ્તારમાં તા.૦૧/૦૪/૨૦૨૬ થી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) કોઈપણ રાજકીય પક્ષ કે ચુંટણીના ઉમેદવારોએ જાહેર મિલ્કતો કે ખાનગી મિલ્કતો ઉપર ચુંટણી જાહેરાત-પ્રચાર કરતા પોસ્ટરો, સુત્રો, બેનરો, પડદા, લખાણો વગેરે સંબંધિત સંસ્થા, કચેરી કે માલિકની સંમતિ/ધોરણસરની પરવાનગી સિવાય ચોંટાડવા કે લખવા કે લગાડવા સામે, ચુંટણી પ્રચાર અર્થે કોઈ કટઆઉટ, દરવાજા કે કમાનો ઉભા કરવા સામે.

(૨) જાહેર સ્થળોએ સક્ષમ સ્થાનિક સત્તાધિકારીની મંજુરી સિવાયા ચુંટણી પ્રચાર માટેના હોર્ડિંગ્સ પ્રદર્શિત કરવા સામે.

(૩) કોઈપણ રાજકીય પક્ષે અને ઉમેદવારોએ કે તેમના ટેકેદારોએ અન્ય પક્ષોએ યોજેલ સભા અને સરઘસમાં અવરોધો ઉભા કરવા કે તે સભા તોડવા સામે, એક રાજકીય પક્ષના કાર્યકરો કે સહાનુભૂતિ દર્શાવનારાઓએ બીજા રાજકીય પક્ષોએ યોજેલી જાહેરસભાઓમાં ઘર્ષણ સર્જાય તેવી રીતે મૌખિક કે લેખિત પ્રશ્નો પુછીને અથવા પોતાના પક્ષના ચોપાનીયાં વેચીને ખલેલ પહોંચાડવા સામે, જ્યાં એક પક્ષે સભાઓ યોજી હોય તેવા સ્થળો એ બીજા પક્ષોએ સરઘસ લઇ જવા સામે તેમજ એક પક્ષે બહાર પાડેલ ભીતપત્રો બીજા પક્ષના કાર્યકરોએ દુર કરવા સામે.

(૪) હથિયાર ધારણ કરવા માટેનો પરવાનો ધરાવતી કોઈપણ વ્યક્તિ/પરવાનેદારના, પરવાના હેઠળના હથિયાર પોતાની સાથે લઈને ચુંટણી કાર્ય અને સભામાં ફરવા સામે.

### વિસ્તાર

આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત,. તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર) ની સામાન્ય ચૂંટણીની બેઠકમાં સમાવિષ્ટ વિસ્તાર

### શિક્ષા

(૧) આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

(૨) ઉક્ત હુકમમાં જણાવેલ ખાનગી તેમજ જાહેર મિલ્કતના માલિકની લેખિતમાં પૂર્વ મંજુરી વગર મિલ્કતનો બગાડ કે નુકશાન પહોંચાડશે, તેની સામે ફોજદારી રાહે કામ ચલાવવામાં આવશે તથા જાહેર કે ખાનગી મિલ્કત અંગે તેઓ બગાડ કરનારના ખર્ચે સુધારવામાં આવશે અને તમામ ખર્ચ તેઓ પાસેથી વસુલ કરવામાં આવશે.

આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા હેડકોન્સ્ટેબલ કે તેનાથી ઉચો હોદો ધરાવતા તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ નિર્દિષ્ટ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને પોલીસ ખાતા ધ્વારા કરવી અને સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવી :

આજ તા. ૦૧/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---

**હુકમ**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો.**

નં.પીઓએલ/૨જાહેરનામા/એસ.આર./૬૧ /૨૬ - માન.રાજ્ય ચૂંટણી આયોગ ધ્વારા રાજ્યમાં મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો તથા તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી / પેટા ચૂંટણીઓ તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજવાનું નિયત કરેલ છે. જે અન્વયે અત્રેના આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર) ની સામાન્ય ચૂંટણી તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજાનાર છે. આ ચૂંટણીની મત ગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ યોજાશે તથા ત્યારબાદ ચુંટણી પ્રક્રિયા તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ સંપન્ન થશે. રાજય ચૂંટણી આયોગના તા.૦૧/૦૪/૨૦૨૬ ના પત્રથી આચારસંહિતા અમલમાં આવેલ છે. સદરહું આચારસંહિતામાં સરકારી આરામગૃહો, ડાક બંગલાઓ તથા વિશ્રામગૃહોનો ચૂંટણીના કામે ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે.

વાસ્તે હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ જિલ્લો, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ સરકારી, અર્ધસરકારી, સહકારી, તમામ આરામગૃહો, ડાક બંગલાઓ, -વિશ્રામગૃહો, તથા જાહેર સ્થળો હોય તેવા તમામ આરામગૃહો કે સ્થળોનો રાજકીય પક્ષોના હોદેદારો, કાર્યકરો ચૂંટણી લડતા ઉમેદવારો કે તેમના એજન્ટોએ રાજકીય હેતુસર અથવા ચૂંટણી વિષયક પ્રચારના હેતુસર ઉપયોગ કરવા પ્રતિબંધ કરવામાં આવે છે. રાજકીય પ્રવૃતિમાં રાજકીય ચર્ચા, ટેલીફોન ઉપર વાર્તાલાપ તથા મુલાકાતી સહીતની બાબતોનો સમાવેશ થશે.

વિશ્રામગૃહ, ડાક બંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગનો સત્તાધારી પક્ષાના સભ્યો કે ઉમેદવારો એક હથ્થુ અધિકારો ભોગવશે નહી અને આવા રહેણાંકનો ઉપયોગ બીજા પક્ષના સભ્યો કે ઉમેદવારોને પણ કરવા દેવાનો રહેશે. પરંતુ કોઈપણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક (તેની સાથે જોડાયેલ આંગણા)નો ઉપયોગ પ્રચાર, કચેરી કે અન્ય ચૂંટણી વિષયક હેતુ માટે કરી શકશે નહી. સરકારી વિશ્રામગૃહ, અતિથિગૃહ વગેરેમાં રાજકીય પક્ષના સભ્યોની પ્રાસંગિક મિટિંગને પણ મંજુરી આપી શકાશે નહીં. ચૂંટણી પ્રચારમાં આવેલા જે મહાનુભાવોને સરકારી વિશ્રામગૃહ / અતિથિગૃહ વગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભાવોને લાવતા લઇ જતા વાહનને જ સરકારી વિશ્રામગૃહ / અતિથિગૃહ વગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકશે. જો તેઓ આ માટે એક કરતા વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો બૈ થી વધારે વાહનોને વિશ્રામગૃહ / અતિથિગૃહના કમ્પાઉન્ડમાં રાખી શકાશે નહીં.

એક જ વ્યકિતને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહીં તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતા કોઈપણ મહાનુભાવોને મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ : અતિથિગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહીં.

જે રાજકીય પદાધિકારીઓને ઝેડ કક્ષાની કે જે તે રાજયના કાયદાની જોગવાઈ અનુસાર સમાન કે તેથી વધુ કક્ષાની સુરક્ષા આપવામાં આવેલી હોય તેમને રાજય સરકાર હસ્તકના સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ, કેન્દ્રસરકાર અગર રાજય સરકારના જાહેર સાહસોના વિશ્રામગૃહ / અતિથિગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે. પરંતુ ચૂંટણી કામગીરી સંભાળતા અધિકારી અગર નિરિક્ષકોને અગાઉથી આ રૂમ ફાળવવામાં આવેલ ન હોય તે શરતે જ આ પ્રકારે રહેવા માટે રૂમો ફાળવી શકાશે. જો કે રાજકીય પદાધીકારીઓ વિશ્રામગૃહ / અતિથિગૃહમાં રહેતા હોય તે દરમિયાન કોઈપણ પ્રકારની રાજકીય પ્રવૃતિ હાથ ધરી શકશે નહીં.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

**: વિસ્તાર ::**

આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ" (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર) સામાન્ય ચૂંટણીની બેઠકમાં સમાવિષ્ટ વિસ્તાર

આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્સટેબલ કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આથી હું આદેશ આપું છું કે આ જાહેરનામાની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ ચોટાડીને તથા સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવી.

આ જાહેરનામું તા.૦૧/૦૪/૨૦૨૬ થી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આજ તા. ૦૧/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---

**હુકમ**

**ભારતીય નાગરીક સંરેક્ષા સંહિતો ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો હુકમ**

નં.પીઓએલ/ચૂંટણી/એસ.આર./૬૨ /૨૦૨૬ - માન. રાજય ચૂંટણી આયોગ દ્વારા રાજયમાં મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ તથા જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર) ની સામાન્ય ચુંટણી અન્વયે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના ઉમેદવારી પત્રો ભરવા અંગેનું જાહેરનામું તા.૦૬/૦૪/૨૦૨૬ ના રોજ પ્રસિધ્ધ થનાર છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ઉમેદવારીપત્રો રજુ કરવાની પ્રક્રિયા શરૂ થનાર છે.

ઉમેદવારી પત્ર રજૂ કરવાના સમયે રાજકીય પક્ષોના ઉમેદવારો તેમજ અપક્ષ ઉમેદવારો મોટી સંખ્યામાં કાર્યકરો, ટેકેદારો અને સમર્થકો સાથે ઢોલ નગારા અને વાહનોની મોટી સંખ્યા લઈ ચૂંટણી અધિકારી / મદદનીશ ચુંટણી અધિકારી સમક્ષ ઉમેદવારી પત્ર રજુ કરવા આવે છે. જેના કારણે ચૂંટણી અધિકારી/મદદનીશ ચુંટણી અધિકારીની કચેરીમાં ઉભી થતી અવ્યવસ્થા અને ઓવરક્રાઉડીંગની પરિસ્થિતિ નિવારવી જરૂરી જણાય છે.

આથી હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

(૧) ઉમેદવારી પત્રો રજુ કરવા માટે ચૂંટણી અધિકારી / નિર્દેષ્ટ મદદનીશ ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં ઉમેદવાર અથવા તેના દરખાસ્ત કરનાર તથા અન્ય ચાર મળી પાંચ વ્યકિતઓ જ પ્રવેશી શકશે. માન્યતા પ્રાપ્ત સિવાયના પક્ષ તેમજ અપક્ષ ઉમેદવારોના દરખાસ્ત કરનારાની સંખ્યા વધુ હોય તેઓના કિસ્સામાં પણ પ્રથમ તબકકે ઉમેદવાર/ દરખાસ્ત કરનાર તથા અન્ય ચાર અને ત્યાર બાદ જરૂર જણાય તો પ્રથમ ગયેલા ચાર વ્યકિતઓ ચૂંટણી અધિકારીની ચેમ્બરમાંથી બહાર નીકળી જાય તે પછી બાકીના ચાર અને તે જ રીતે બાકીના વ્યકિતઓ ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં પ્રવેશી શકશે. આમ કોઈપણ સુચિત ઉમેદવારે તેમના ટેકેદારો, દરખાસ્ત કરનારાઓ કે સમર્થકો સાથે ચારથી વધુ સંખ્યામાં ચૂંટણી અધિકારી/ નિર્દિષ્ટ મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં પ્રવેશ કરવો નહી.

(૨) ઉમેદવારી પત્ર રજુ કરવા આવતા સમયે ચૂંટણી અધિકારી કે નિર્દિષ્ટ મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરી આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં વધુમાં વધુ ત્રણ વાહનો સાથે પ્રવેશી શકાશે. ત્રણથી વધુ વાહનો સાથે કચેરીના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈએ પ્રવેશવું નહી.

(૩) ઉપર મુજબની સુચનાઓનો અમલ ઉમેદવાર જયારે તેઓનું ઉમેદવારી પત્ર લેવા આવે ત્યારે પણ કરવાનો રહેશે તથા ઉપર્યુકત કામે ઉપયોગમાં લેવાયેલ વાહનોનો ખર્ચ ઉમેદવારના ખર્ચમાં ઉધારવાનો રહેશે. સંબંધિત ચૂંટણી અધિકારી / મદદનીશ ચૂંટણી અધિકારીએ ઉમેદવારી પત્ર લેવા આવનાર વ્યકિતને આ હુકમની નકલ પુરી પાડવી.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સહીતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ જાહેરનામુ તા.૦૧/૦૪/૨૦૨૬ થી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ આદેશની પ્રસિધ્ધિ સમગ્ર આણંદ જિલ્લામાં વર્તમાનપત્રો તેમજ જાહેર નોટીસ બોર્ડ ઉપર ચોટાડીને બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૦૧/૦૪/૨૦૨૬ ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---

**હુકમ**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનો હુકમ**

નં.પીઓએલ/ચૂંટણી/એસ.આર./૬૩/૨૦૨૬ - માન રાજ્ય ચૂંટણી આયોગ ધ્વારા રાજ્યમાં મમહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જીલ્લા પંચાયતો તથા તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી / પેટા ચૂંટણીઓ તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજવાનું નિયત કરેલ છે. જે અંતર્ગત આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬. (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર) ની સામાન્ય ચૂંટણી તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજાનાર છે. જે અન્વયે ચૂંટણી પ્રચારના અભિયાનરૂપે રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો તરફથી પોતપોતાના મત વિસ્તારમાં પ્રચાર ઝુંબેશ શરૂ કરવામાં આવનાર છે. આ હેતુ માટે તેઓ ધ્વારા મોટા પ્રમાણમાં વાહનોનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. તેવા સંજોગોમાં આવા વાહનોના ઉપયોગ પર દેખરેખ રાખવા અને ઉમેદવારના ચૂંટણી પ્રચાર માટે વપરાતા વાહનોના સંબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે જરૂરી છે. ચૂંટણી પ્રચારમાં વપરાતા વાહનોની અસર સામાન્ય જનમાનસ તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય છે, જેના કારણે સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવાની, ઉમેદવારોના એકબીજા જુથો વચ્ચે મનદુ:ખ થાય અને ઘર્ષણ ઉભું થવાની તેમજ સુલેહશાંતી ભંગ થવાની સંભાવના રહે છે. સદર બાબતો ધ્યાને લેતાં મુકત, નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણીના સંચાલન હેતુથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનો હુકમ કરવો વર્તમાન સંજોગોમાં ઉચિત અને વાજબી જણાય છે.

વાસ્તે હું ઋતુરાજ દેસાઈ, જી.એ એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ જિલ્લો, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, કોઈપણ રાજકીય પક્ષ, વ્યકિત, સંસ્થા, ચૂંટણીનો ઉમેદવાર અથવા તો તેઓની સહમતીથી કોઈપણ વ્યકિત ધ્વારા કોઈપણ ઉમેદવારના કે પક્ષના કામે ચૂંટણીના કામે વાહનોનો આણંદ જિલ્લામાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સમાવિષ્ટ વિસ્તારમાં ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો સંબંધીત મતદાર વિભાગના ચૂંટણી અધિકારી/ મદદનીશ ચુંટણી અધિકારી પાસે રજીસ્ટર કરાવવાના રહેશે. રજીસ્ટર કરાવેલ વાહનની પરમીટ તેઓની પાસેથી મેળવી તે વાહનોની વિન્ડો સ્ક્રિન ઉપર અથવા નાના વાહનમાં પણ સહેલાઈથી દેખાઈ આવે તે રીતે ચોંટાડવાની રહેશે. આ પરમીટમાં વાહન કયા મતદાર વિભાગના ક્યા વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવી છે તેની સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે. વપરાશમાં લેવાયેલ વાહનનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં ઉમેરવાનો રહેશે. ચૂંટણી અધિકારી/ મદદનીશ ચૂંટણી અધિકારી પાસેથી પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનોનો ઉપયોગ ચૂંટણી પ્રચાર માટે કે ચૂંટણીના કામે કરી શકાશે નહીં. વધુમાં ત્રણથી વધુ મોટરકાર વાહન ઉપર હરવા-ફરવા ઉપર પ્રતિબંધિત ગણાશે.

આ નિયંત્રણો યાંત્રિક શક્તિથી ચાલતા કે બીજી કોઈ રીતે ચાલતા વાહનો જેવાં કે બસ / મીની બસ, સ્ટેશન વેગન, ટેકસી, ખાનગી કાર, ટ્રક, ટેમ્પો, ટ્રેલર સાથેનું કે તે વિનાનું ટ્રેકટર, ઓટોરીક્ષા, સ્કુટર, પશુથી ચાલતા વાહનો વિગેરે તમામ પ્રકારના વાહનોને લાગુ પડે છે.

**શિક્ષા:** આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

**:: વિસ્તાર ::**

આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર) ચૂંટણીની બેઠકમાં સમાવિષ્ટ વિસ્તાર

આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્સટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આથી હું આદેશ આપું છું કે આ જાહેરનામાની જાહેરાંત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ ચોટાડીને તથા સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવી.

આ જાહેરનામું તા.૦૧/૦૪/૨૦૨૬ થી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આજ તા.૦૧/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---

## જાહેરનામું

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનો હુકમ**

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ. આર./૬૪/૨૦૨૬- આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર)ની સામાન્ય ચુંટણીનું મતદાનુ તા. ૨૬/૦૪/૨૦૨૬ ના રોજ થનાર છે. રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: રાચઆ-ચટણ-સીઓસી-સ્થા. સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭/૧૧/૨૦૨૧ થી સ્થાનીક સ્વરાજયની સામાન્ય ચૂંટણીઓ વખતે વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારો તથા અપક્ષ ઉમેદવારો ધ્વારા સ્થાનિક પ્રચાર માટે હંગામી કચેરીઓ શરૂ કરવામાં આવે છે. આવી કચેરીઓ માટે કેટલીક માર્ગદર્શક સુચનાઓ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. સદરહું સુચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે માટે તથા તેના ઉલ્લંધન બદલ કાયદેસરની કાર્યવાહી કરવા માટે જાહેરનામુ પ્રસિધ્ધ કરવાનું ઉચિત જણાય છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર)ની સામાન્ય ચુંટણી-૨૦૨૬ દરમ્યાન કોઈપણ ઉમેવાર રાજકીય પક્ષના ઉમેદવારો કે અપક્ષ ઉમેવારો ધ્વારા ચૂંટણી પ્રચાર માટે હંગામી રીતે શરૂ કરવામાં આવતી કચેરીઓ માટે નીચે મુજબની સુચનાઓનું પાલન કરવાનું રહેશે ..

(૧) કોઈપણ જાહેર કે ખાનગી મિલ્કતમાં દબાણ કરીને આવી કચેરી શરૂ કરી શકાશે નહીં..

(૨) કોઈપણ ધાર્મિક સ્થળ કે તેના કેમ્પસમાં આવી કચેરી શરૂ કરી શકાશે નહીં.

(૩) કોઈપણ શૈક્ષણિક સંસ્થા કે હોસ્પિટલને લગોલગ આવી કચેરી શરૂ કરી શકાશે નહીં.

(૪) હયાત મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં આવી કચેરી શરૂ કરી શકાશે નહીં.

(૫) આવી કચેરીએ પક્ષનો ધ્વજ તથા પક્ષના પ્રતિક / ફોટોગ્રાફ સહિતનું બેનર પ્રદર્શિત કરી શકાશે.

(૬) આવી કચેરીએ ઉપયોગમાં લેવાના બેનરની સાઈઝ ૪×૮ ફુટથી વધુ ન હોવી જોઈએ અને જો સ્થાનિક કાયદાઓ મુજબ તેનાથી ઓછી સાઈઝ નકકી થયેલ હોય તો સ્થાનિક નિયમો મુજબ બંનેમાંથી ઓછી સાઈઝ ઉપયોગમાં લેવી.

(૭) આ હુકમ આણંદ જિલ્લામાં આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર)ની સામાન્ય ચુંટણીમાં સમાવિષ્ટ વિસ્તારમાં લાગુ પડશે.

(૮) આ હુકમ તા.૦૧/૦૪/૨૦૨૬ થી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ તા. ૧/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---

## જાહેરનામું

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનો હુકમ**

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૬૫ /૨૦૨૬ - આણંદ જિલ્લામાં કરસમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, --તારાપુર)ની સામાન્ય ચુંટણીનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ થનાર છે. રાજય ચુંટણી આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: રાચઆ-ચટણ-સીઓસી- સ્થા. સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, -તા.૧૭/૧૧/૨૦૨૧ થી આચાર સંહિતાના પરિપાલનના ભાગરૂપે સરકારી તિજોરી/ રાજ્ય ભંડોળમાંથી જાહેરાત કરવા ઉપર જરૂરી પ્રતિબંધો મુકવા જણાવેલ છે. આદર્શ આચાર સંહિતાના અનુસંધાને કેન્દ્ર અથવા રાજ્ય સરકાર કક્ષાએ સત્તાધારી પક્ષના હિતોને મદદરૂપ થાય તે હેતુથી રાજકીય સમાચારોના અને સિધ્ધિઓના પ્રચારની જાહેરાત વર્તમાનપત્રો તથા અન્ય માધ્યમો ધ્વારા સરકારી ખર્ચે /જાહેર નાણાં ધ્વારા કરી શકાશે નહી તેમ જણાવેલ છે.

વાસ્તે. હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) આદર્શ આચારસંહિતાના અમલ દરમ્યાન મતદારો ઉપર અસર થઈ શકે તેવા કોઈપણ પક્ષ ધ્વારા કેન્દ્ર અથવા રાજ્ય સરકાર કક્ષાએ સત્તાધારી પક્ષના હિતોને મદદરૂપ થાય તે હેતુથી રાજકીય સમાચારોના અને સિધ્ધિઓના પ્રચારની જાહેરાત વર્તમાનપત્રો તથા અન્ય માધ્યમો ધ્વારા સરકારી ખર્ચે /જાહેર નાણાં ધ્વારા કરી શકાશે નહી.

(૨) આદર્શ આચારસંહિતાના અમલ દરમ્યાન મતદારો ઉપર અસર થઈ શકે તેવા કોઈપણ પક્ષ ધ્વારા રાજ્યની તિજોરી / ભંડોળમાંથી લગાવેલ તમામ હોર્ડીંગ્સ કે જાહેરાતો વગેરે તાત્કાલિક દૂર કરવાના રહેશે.

(૩) આદર્શ આચારસંહિતાના અમલ દરમ્યાન રાજ્ય ની તિજોરી કે ભંડોળમાંથી સમાચાર પત્રો કે ઈલેકટ્રોનિક મિડિયા કે અન્ય કોઈપણ પ્રકારે કોઈપણ પક્ષ ધ્વારા હાંસલ કરેલ સિધ્ધિઓની કોઈ જાહેરાત કરી શકાશે

(૪) આ હુકમ આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર)ની સામાન્ય ચુંટણીમાં સમાવિષ્ટ વિસ્તારમાં લાગુ પડશે.

(૫) આ હુકમ તા.૦૧/૦૪/૨૦૨૬ થી તા. ૩૦/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

(૬) આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૧/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---

## જાહેરનામું

**ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૧૪૨ તથા લોકપ્રતિનિધિત્વ ધારાની કલમ-૧૩૫ (સી) હેઠળ હુકમ**

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./ ૬૬ /૨૦૨૬ - માન. રાજ્ય ચુંટણી આયોગ દ્વારા રાજ્યમાં તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયત, મહાનગરપાલિકાઓ અને નગરપાલીકાઓની સામાન્ય તથા પેટા ચૂંટણીઓ તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજવાનું નિયત કરેલ છે. જે અન્વયે આણંદ જિલ્લાની જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં કરમસદ આણંદ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (બોરસદ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, સોજીત્રા, તારાપુર) ની સામાન્ય ચુંટણી આગામી તા. ૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજાનાર છે. તેની મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ યોજાનાર છે. ચૂંટણી દરમ્યાન મતદારો નિર્ભયપણે મતદાન કરી શકે તે માટે દારૂ અને નશાકારક ચીજોના વેચાણ ઉપર પ્રતિબંધ મુકવાના હેતુ માટે ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ની કલમ ૧૪૨ તથા લોકપ્રતિનિધિત્વ ધારાની કલમ-૧૩૫ (સી) માં જોગવાઈ કરેલ છે. સચિવશ્રી, રાજય ચૂંટણી પંચ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:રાચપ-ચટણ- સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૨) ૧૨૨૦૦૯-ક, તા.૬-૧-૨૦૧૦ થી મતદાન પૂર્ણ થયાના ૪૮ કલાક પહેલાંથી શરૂ કરી મતદાન પુર્ણ થતા સુધી તથા મતગણતરીના દિવસ માટે દારૂના વેચાણ ઉપર પ્રતિબંધ મુકવા જણાવેલ છે. સબબ, મતદારો નિર્ભયપણે મતદાન કરી શકે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ, જાહેર વ્યવસ્થા અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે

માટે દારૂ અને નશાયુક્ત પદાર્થોનું વેચાણ કરવાની કે પીરસવાની મનાઈ ફરમાવવા ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ની કલમ-૧૪૨ તથા લોકપ્રતિનિધિત્વ ધારાની કલમ-૧૩૫ (સી) હેઠળ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત નશાબંધી) અધિનિયમ, ૧૯૪૯ ની કલમ-૧૪૨ તથા લોકપ્રતિનિધિત્વ ધારાની કલમ-૧૩૫ (સી)થી મને મળેલ સત્તાની રૂઈએ, આણંદ જિલ્લાની ઉપરોક્ત ચૂંટણી હેઠળના જિલ્લા પંચાયત / તાલુકા પંચાયત તથા મહાનગરપાલિકા, નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ દારૂ અને નશાયુક્ત પદાર્થોના વેચાણ માટેના પરવાના ધરાવનારાઓએ નીચે જણાવેલ સમય ગાળા માટે દારૂ અને નશાયુક્ત પદાર્થોનું વેચાણ થતુ હોય તેવા સ્થળો બંધ રાખવા તથા કોઈપણ હોટલ, ખાણી પીણીની જગ્યાઓ, દારૂના પીઠા, દુકાનો કે કોઈપણ જાહેર કે ખાનગી સ્થળોએ દારૂના વેચાણ, આપ-લે, વિતરણ કે પીરસવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**સમયગાળો :** (૧) તા.૨૨/૦૪/૨૦૨૬ ના રોજ સાંજના ૧૭.૦૦ કલાકથી તા.૨૬/૦૪/૨૦૨૬ (મતદાન) ના રોજ સાંજના ૧૮,૦૦ કલાક સુધી

(૨) તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ સવારના સુર્યોદય થી તા. ૨૯/૦૪/૨૦૨૬ ના રોજ સવારના સુર્યોદય સુધી

**શિક્ષા:** આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ ની કલમ-૨૨૩, ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ-૬૮ તથા કલમ-૯૦ની જોગવાઈઓ તેમજ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (સી) (૨) મુજબ કેદ અથવા દંડ અથવા બંન્ને શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની બહોળી પ્રસિધ્ધિ વર્તમાનપત્રો ધ્વારા, જાહેર સ્થળોએ સહેલાઈથી દેખી શકજ તેવી જગ્યાઓએ. તેની નકલો ચોંટાડીને, તેમજ જિલ્લાના સ્થાનિક વર્તમાન પત્રો ધ્વારા કરવાની રહેશે? અને સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવી.

આજ તા.: ૦૧/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયેનો હુકમ**

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૬૭/૨૬- માનનીયશ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ ઈનામદાર, ધાર સભ્યશ્રી, ૧૩૫-સાવલી વિધાનસભાના તા.૦૨/૦૪/૨૦૨૬ ના પત્રથી થી તા.૦૪/૦૪/૨૦૬ ના રોજ સ્વ. મહેન્દ્રભાઈ જશભાઈ ઈનામદાર ચેરીટી ટ્રસ્ટ, સાવલી ધ્વારા વિનામુલ્યે સર્વજ્ઞાતિ ૭૫૧-નવયુગલોનો વિરાટ સમૂહ લગ્નોત્સવ યોજાનાર હોય, જેમા ૧,૫૦,૦૦૦ (એક લાખ પચાસ હજાર) લોકો આવનાર હોય, તથા નાયબ મુખ્યમંત્રીશ્રી, હર્ષભાઈ સંઘવી તથા આમંત્રિત મહેમાનો પધારનાર હોય, જેથી ઓડ, ભાલેજ, ઉમરેઠ, સુંદલપુરાથી તફરથી આવતા ભારે/મધ્યમ વાહનોનું ટ્રાફીક ડાયવર્ટ કરી ડાયવર્ઝન રૂટ અંગે જાહેનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. પરત્વે પોલીસ અધિક્ષકશ્રી, આણંદના પત્ર નં.સીબી-૫/ડાયવર્ઝનજાહેરનામું/૬૮૧૮/૨૬, તા.૦૪/૦૪/૨૦૨૬ થી વૈકલ્પિક માર્ગ સાથે જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અભિપ્રાય અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આ આદેશની તા.૦૪/૦૪/૨૦૨૬ ના રોજ પણસોરા થી ઉમરેઠ જતાં રોડ ઉપરથી પસાર થતા ભારે મધ્યમ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવુ છું તથા તે રસ્તા ઉપરથી પસાર થતાં વાહનોને નીચે જણાવેલ માર્ગોએ વાળવા (ડાયવર્ટ કરવા) હુકમ કરું છું.

**<u>ભાલેજ પો.સ્ટે. ધ્વારા સુચિત કરેલ વૈકલ્પિક માર્ગ:</u>**

**<u>સુચિત રૂટ</u>**

પણસોરા થી ઉમરેઠ જતા રોડ ઉપર ભારે વાહનો અલીણા રોડ તરફ ડાયવર્ટ કરવા અભિપ્રાય આપેલ છે.

**<u>ખંભોળજ પો.સ્ટે, ધ્વારા સુચિત કરેલ વૈકલ્પિક માર્ગ:</u>**

**<u>સુચિત રૂટ</u>**

સાવલી તરફ જઈ રહેલ ભારે વાહનો ઓડ ચોકડીથી આગળ ના આવે અન્ય રોડ તરફ ડાયવર્ટ કરવા અભિપ્રાય આપેલ છે.

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમની જાહેરાત ઉક્ત સ્થળોએ નકલો ચોટાડીને કરવાની રહેશે. તથા સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવી.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા. ૦૪ /૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયેનો હુકમ**

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૬૮/૨૬ - કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન, આણંદના તા.૦૨/૦૪/૨૦૨૬ ની અરજીથી PCS Girder Lunching ની કામગીરી ચાલુ કરવામાં તા.૦૫/૦૪/૨૦૨૬ થી તા.૧૧/૦૪/૨૦૨૬ (કુલ ૭ દિવસ) દરમ્યાન હાથ ધરવા ગણેશ ચોકડી થી અમૂલ ડેરી સાઈડ અને અમૂલ ડેરીથી ગણેશ ચોકડી સાઈડના બન્ને બાજુના સર્વિસ રોડ બંધ કરી ઉકત કામગીરી દરમ્યાન ભારે મધ્યમ પ્રકારના વાહનોની અવાર જવાર માટે ટ્રાફીક ડાયવર્ટ કરવા જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત કરેલ હતી. જે પરત્વે સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, આણંદે તેમના તા.૦૫/૦૪/૨૦૨૬ના પત્ર નં.પીઓએલ/વશી/૧૯૧/૨૦૨૬ તથા પોલીસ અધિક્ષકશ્રી, આણંદના પત્ર નં.સીબી-૫/ડાયવર્ઝન/જાહેરનાનું/૬૮૮૯/૨૬, તા.૦૪/૦૪/૨૦૨૬ થી વૈકલ્પિક માર્ગ સાથે જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આ આદેશની તા.૦૬/૦૪/૨૦૨૬ થી તા.૧૧/૦૪/૨૦૨૬ સુધી આણંદ ગણેશ ચોકડી થી અમૂલ ડેરી સાઈડ અને અમૂલ ડેરીથી ગણેશ ચોકડી સાઈડના બન્ને બાજુના સર્વિસ રોડ બંધ કરી ઉકત સમયગાળા દરમ્યાન ભારે/મધ્યમ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવુ છું તથા તે રસ્તા ઉપરથી પ્રસાર થતાં વાહનોને નીચે જણાવેલ માર્ગોએ વાળવા (ડાયવર્ટ કરવા) હુકમ કરુ છું.

**હયાત રૂટ:-**

આણંદ ગણેશ ચોકડીથી અમૂલ ડેરી તરફ જતો સર્વિસ રોડ.

**વૈકલ્પિક માર્ગ:-**

આણંદ ગણેશ ચોકડીથી અમૂલ ડેરી તરફ આવતા વાહનો બોરસદ ચોકડી થઈ ઉમાભવન થઈ ઓવબ્રીજ ચઢી મહારાણા પ્રતાપ સર્કલ થઈ વ્યાયામશાળા થઈ જુની સીવિલ કોર્ટ થઈ આણંદ અમૂલ ડેરી તરફ જઈ શકશે.

**હયાત રૂટ-**

અમૂલ ડેરીથી ગણેશ ચોકડી તરફ જતો સર્વિસ રોડ.

**વૈકલ્પિક માર્ગ:-**

અમૂલ ડેરીથી ગણેશ ચોકડી તરફ જતાં વાહનો જુની સીવિલ કોર્ટ થઈ વ્યાયામશાળા થઈ મહારાણા પ્રતાપ સર્કલ થઈ બ્રીજ ચઢી જુના સેવાસદન ત્રણ રસ્તા થઈ ગણેશ ચોકડી તરફ જઈ શકશે.

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમની જાહેરાત ઉક્ત સ્થળોએ નકલો ચોટાડીને કરવાની રહેશે. તથા સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવી.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે છે કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા. ૦૬ /૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

**ઋતુરાજ દેસાઈ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---



Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.03 13:19:46 IST